# આજથી રાજ્યવ્યાપી કોવિડ વેક્સિનેશન મહાઅભિયાન

## ગુજરાતના ૧,૦૨૫ સ્થળોએ વેક્સિન ઉત્સવ : રસીકરણ કેન્દ્રો પર સવારે ૯.૦૦ વાગ્યે વેક્સિન ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

કોવિડ વેક્સિનેશનને વધુ વ્યાપક બનાવવા તા. ૨૧મી જૂનને સોમવારથી રાજ્યવ્યાપી વેક્સિનેશન મહાઅભિયાન યોજાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ જાહેરાત કરતાં જણાવ્યું છે કે, વેક્સિનેશન માટે સહુ સજાગ થાય અને હર એક વ્યક્તિ વેક્સિન લે એટલું જ નહીં વેક્સિનેશન માટે પ્રત્યેક વ્યક્તિ પોતાની જવાબદારી સમજે એવા ઉદ્દેશ સાથે વેક્સિનેશન મહાઅભિયાનનું આયોજન કરાયું છે. ૩૩ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકા વિસ્તારના ૧૦૨૫ રસીકરણ કેન્દ્રો પર મંત્રીઓ, આગેવાનો, મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ૨૧મી જૂને સવારે ૯.૦૦ વાગ્યે વેક્સિન ઉત્સવ ઉજવાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી ગાંધીનગરના સેક્ટર-૮ ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વૅક્સિન ઉત્સવમાં ભાગ લેશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વ્યાપક અને સમયબદ્ધ વેક્સિનેશન માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાતના તમામ નાગરિકોને વિનામૂલ્યે વેક્સિન મળી રહે એ માટે ભારત સરકારે વેક્સિનનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ કરાવ્યો છે. રાજયમાં તમામ વયજૂથના નાગરિકોને વિનામૂલ્યે વેક્સિન અપાશે.

૧૮ થી ૪૪ વર્ષની વય જૂથના યુવાનોના વેક્સિનેશન માટે પણ રાજ્ય સરકારે (જીંદ્વી ર્દ્વીહિદ્વીહં) પૂરતું આયોજન કર્યું છે. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, એકવીસમી જૂન થી યુવાનોને વેક્સિનેશન માટે અગાઉથી રજિસ્ટ્રેશન નહીં કરાવવું પડે. હવેથી દરેક વ્યક્તિ વૉક-ઈન વૅક્સિન લઇ શકશે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં દરેક નાગરિકોને ઘરઆંગણે આસાનીથી વેક્સિન ઉપલબ્ધ કરાવી શકાય એ માટે રાજ્યમાં વેક્સિનેશન બૂથની સંખ્યા પણ વધારીને ૫,૦૦૦ કરવામાં આવી છે. રાજ્ય વેક્સિનેશનમાં અગ્રીમ હરોળમાં છે. તા. ૨૦મી જૂન સુધીમાં ૨ કરોડ, ૨૦ લાખ ડોઝ સાથે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.



શહેરમાં ફુટપાથ પર ઠેર ઠેર મોટો ગાબડા જોવા મળી રહ્યા છે વરસાદી દિવસોમાં ફુટપાથ પર વોકીંગ કરવાનુ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. ચોમાસાની શરૂઆતમાં જ સે-૩ એ ન્યુ થી ગ રોડની તરફ પ્રવેશવાના માર્ગની બાજુમાં ફુટપાથનુ વરસાદમાં ધોવાણ થયુ છે.

## સુરતમાં ભાજપના ૪૦૦ કાર્યકર્તા ‘આપ’માં જોડાયા

સુરત, તા. ૨૦

આમ આદમી પાર્ટી દ્વારા તારવારી વિસ્તારમાં યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી સાથે વર્ષોથી જોડાયેલા અને કાર્યકર્તાઓએ આમ આદમી પાર્ટીનું ઝાડું પકડ્યું હતું. જેના કારણે સ્થાનિક રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. સુરત શહેરના ભારતીય જનતા પાર્ટી પ્રમુખની પકડ નબળી સાબિત થઈ રહી છે. અલગ અલગ વિસ્તારોમાંથી ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં જવાનો સિલસિલો યથાવત્ત છે. આજે અડાજણ-રાંદેરમાંથી ૪૦૦ કરતા વધારે ભાજપના કાર્યકર્તાઓ આપમાં જોડાયા હતા. અત્રે નોંધનીય છે કે, ભાજપના પ્રદેશ પ્રમુખ પાટીલના સુરતમાંથી છેલ્લા દોઢ મહિનામાં ૧૦૦૦ જેટલા ભાજપના કાર્યકર્તાઓ આપમાં જોડાયા છે.

### સરગાસણ ચાર રસ્તા પર ગેરેજ પર કામ કરતા યુવકને

# જાતિ વિષયક શબ્દો બોલીને માર મારનાર ગામના શખ્સ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ ગામના રોહિત વાસ ખાતે રહેતો ૨૦ વર્ષિય આનંદ ગણપતભાઈ પરમાર ચાર રસ્તા પર ગેરેજ પર કામ કરે છે.સરગાસરણ ચોકડી પર આવેલી ગેરેજ પર ગામના જ અલ્પેશ રમણજી ઠાકોર પોતાનું બાઈક રીપેરીંગ કરાવવા માટે આવ્યા હતા. અલ્પેશ ઠાકોરને ગેરેજના માલિકે વેચાણથી સ્પ્લેન્ડર બાઈક આપ્યું હતું. ત્યારે શનિવારના રોજ સાંજના સુમારે અલ્પેશ ઠાકોર બાઈક લઈને ગેરેજ ખાતે આવ્યો હતો. તેણે બાઈકમાં ફુટવેરમાં બોલ્ટ લગાવી આપવા માટે કહ્યું હતું. પરંતુ બોલ્ટ ન હોવાથી યુવકે સવારે આવવાનું જણાવ્યું હતું. જેને પગલે અલ્પેશ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ગામના યુવકને જાતિ વિષયક શબ્દો બોલીને ગાળાગાળી કરી હતી. તેણે આનંદને ધક્કો મારી નીચે પાડી દઈને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. યુવકો વચ્ચે ઝઘડો થતા બુમાબુમને પગલે સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા અને યુવકને વધુ મારમાંથી છોડાવ્યો હતો.

જયારે અલ્પેશ ઠાકોરે યુવકને જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી જાતિ વિષયક શબ્દો બોલ્યા હતા. સમગ્ર મામલે યુવકે સરગાસણ ગામના અલ્પેશ ઠાકોર સામે એટ્રોસીટી અકેટ મુજબ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પાલનપુર નગરપાલિકાની કમિટીઓનો વિવાદ વકર્યો

## કેટલાક નગરસેવકોને મલાઇદાર કમિટીઓ મળતા અન્ય નગરસેવકોમાં છુપો રોષ : કમિટી વહેચણીમાં શહેરના ભાજપ પ્રમુખનું સ્વમાન ન જળવાતા હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ

પાલનપુર

પાલનપુર પાલિકાની સાધારણ સભામાં નવા ચૂંટાયેલા નગરસેવકોને કમિટીની વહેચણી કરવામાં કેટલાક પૂર્વ નગરસેવકોને મલાઈદાર કમિટીઓ આપવામાં આવતા અન્ય નગરસેવકો માં છુપો રોષ જોવા મળ્યો હતો.તેમજ કમિટીની વહેચણીમાં શહેર ભાજપના હોદ્દેદારોએ નક્કી કરેલા નામ કરતા વિપરીત નામ જાહેર થતા શહેર ભાજપ પ્રમુખે હોદ્દા પરથી રાજીનામુ આપી દેતા પાલિકાનું રાજકારણ ગરમાયુ છે.તેમજ કેટલાક નગર સેવકોમાં પણ સારી કમિટી ન મળવાને લઈ છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

પાલનપુર નગરપાલિકાની શુક્રવારના રોજ પાલિકાના સભા હોલમાં સાધારણ સભા યોજાઇ હતી. જેમાં લાંબા સમયથી મુજવણમાં મુકાયેલી કમિટીઓની રચના કરવામાં આવી હતી. જેમાં શહેર ભાજપ દ્વારા શહરના હિતને ધ્યાને લઈ અમુક સભ્યોની યાદી તૈયાર કરી તે વ્યક્તિ ઓને સારી કમિટીઓ આપવા સુચન કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ કમિટીઓની રચના સમયે શહેર ભાજપના હોદ્દેદારોએ સુચવેલા નામ કરતા વિપરિત નામો જાહેર થયા હતા. જેથી શહેર ભાજપ પ્રમુખ દિનેશભાઇ પટેલ કમિટીઓના નામો સાંભળી ચોકી ઉઠ્યા હતા.અને પાર્ટી દ્વારા દિનેશ પટેલને વિશ્વાસમાં લીધા સિવાય કમિટીઓની રચના કરવામાં ફેરફાર થતા નારાજ થઇ પોતાના પ્રમુખના હોદ્દા પરથી રાજીનામુ આપી દિધુ હતુ. તેમજ કમિટીઓની વહેચણીથી કેટલાક નગર સેવકોમાં પણ છુપો રોષ જોવા મળ્યો છે. જેથી કેટલાક નારાજ નગર સેવકો દ્વારા શનિવારે ગુપ્ત બેઠક યોજી જે કમિટીઓની રચના કરવામાં આવી છે.તેમાં ફેરફાર કરવામાં આવે તેવી માંગ ચર્ચાઇ રહી છે.




## હીલસ્ટેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છડી ફેરવી દેવાઈ હોય તેમ વાતાવરણ એકદમ આહ્લાદક બની ગયુ છે. પહાડી વિસ્તારમાં આવેલ કોઈ હીલસ્ટેશન જેવુ શહેર હાલમાં લાગી રહ્યું છે.

ઘણા દિવસો સુધી આકરી ગરમી સહન કરતા વસાહતીઓ વરસતા વરસાદમાં ફરવા નીકળી પડે છે. વહેલી સવારે અને સાંજે પણ ઘણા વસાહતીઓ ફરવા નીકળી પડે છે. પ્રથમ વરસાદમાં નાહીને એકદમ તરોતાજા બનેલા વૃક્ષો શહેરને અદ્ભૂત સૌંદર્ય બક્ષી રહ્યા છે. જાતભાતના વૃક્ષો અને રંગબેરંગી ફૂલોનું સાનિધ્ય વસાહતીઓ માણી રહ્યાં છે. વૃક્ષોનું આચ્છાદન ખૂબ વધુ હોવાથી વાંદરા, રોઝડા, મોર, ટીંટોડી, કોયલ જેવા પશુ-પંખીઓ વિહાર કરતા જોવા મળી જાય છે. મોરના ટહૂકાઓ વાતાવરણને ગજવી રહ્યા છે અને ગાઢ જંગલની આભા ઉભી કરી રહ્યાં છે.

